

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નિષ્ઠાના અભાવે, બેન્કની શાખ તૂટી ગઈ!*
*ને દંભના દેખાડે મંદી લાજ લૂંટી ગઈ!*
*ઉઠી ગઈ શ્રદ્ધા 'સીતારામ' પરથી પણ -*
*'વિકાસ'ની વાટ જોતા ધીરજ ખૂટી ગઈ...*

હાઈકુ

*પ્રજા બિમાર,*
*મંદવાડ મંદીનો -*
*મૃત્યુની રાહ...*

*દુરાચારીઓ -*
*અને શયતાનો નો*
*થયો 'વિકાસ'*

### ચિંતન

**સંત સમાગમ પરમ સુખ, અન્ય અલ્પ સુખ ઔર,**
**માનસરોવર હંસ હૈ, બગલા ઠોરે ઠેર.**

સંતજન પ્રત્યેના અહોભાવ અને તેઓ માટેની ભાવના અને તેમના સમાગમથી મળતા સુખ વિષે વાત કરતા કબીર કહે છે કે, દુનિયામાં મોટામાં મોટું સુખ તો સંતજનનો મેળાપ એ જ છે. એ સુખની સામે બીજા સુખો નગણ્ય છે. તેવા સુખની કોઈ વિસાત નથી. તેઓ આગળ સંતોને હંસની સાખે સરખાવતાં કહે છે કે દુનિયામાં સરોવરો તો ઘણા છે. પણ જયાં શ્રેષ્ઠ પક્ષી હંસ જોવામાં આવે એવું તો એક માનસરોવર જ છે. બાકી બીજા સરોવરોમાં તો બગલા જ નજરે પડે. અર્થાત્ દુનિયામાં બગલા જેવા ડોંગી, ધૂર્ત અને પાખંડી સાધુ નામધારીઓ જેઓ દામ અને નામના લાલચુ હોય છે. તેવા સાધુ તો ઠેર ઠેર મળી રહે છે. પણ તેમના સત્સંગથી કોઈ પ્રકારનું જ્ઞાન કે સુખ-શાંતિ મળે નહીં. સાચું સુખ તો ખરા સંત સત્સંગથી જ મળે.

### સુવિચાર

- વો બુલંદી કિસ કામકી જનાબ ? ઈંસાન ચઢે ઓર ઈન્સાનિય ત ઉતરે !! - **શાહીદ મલેક**
- આત્મિયતાની એક નજર દુઃખી હૃદય માટે કુબેરના ખજાનાથી પણ ઘણી કિંમતી હોય છે ? - **કવિ ગોથે**
- આવશ્યકતા નિર્ધનને સુધારે છે સંતોષ ધનવાનને સુધારે છે - **બોધિવૃક્ષ**
- અભ્યાસથી વિદ્યાની, સુશીલતાથી કુળની, ગુણથી ભલા મનુષ્યોના અને આંખથી ક્રોધની ખબર પડે છે - **ચાણક્ય**
- આપણે ડરેલા હોઈ શકીએ છીએ પણ આપણો ભય આપણા સાહસ કરતા વધારે મજબૂત ન હોઈ શકે - **મલાલા યુસુફ્જઈ**
- એ જાણવું એટલું જરૂરી નથી કે તમને કોણ સફળ થવા દેશે. જરૂરી એ જાણવાનું છે કે તમને કોણ રોકશે - **આયર્ન પોશ**
- આજનું ઔષધ : સૂંઠ અને વાવડિંગનું ચૂર્ણ મધ સાથે ચાટવાથી પેટના કીડા મરી જાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહાન તપસ્વી જાજલિ પ્રખર તપસ્વી હતા. તેઓ જંગલમાં ઊભાઊભા તપ કરી રહ્યા હતા. તેમને વૃક્ષ સમજી પક્ષીઓએ તેમની જટામાં માળાની બનાવી ઈંડા મૂક્યા. ઈંડામાંથી બચ્ચા બહાર આવ્યા. તે બચ્ચા બરાબર ઊડવાનું શીખીને એક મહિના સુધી માળામાં ન આવ્યા ત્યારે તપસ્વી પહેલીવાર હલ્યા. પોતાની ક્ષમતા અને તપસ્યા પર તેમને અહંકાર થયો. એ જ સમયે આકાશવાણી થઈ, 'જાજલિ ગર્વ ન કરો, કાશીમાં રહેતો વેપારી તુલાદારની સમાન કોઈ ધાર્મિક નથી.' જાજલિને આશ્ચર્ય થયું. તેઓ તુલાધારને મળવા કાશી પહોચ્યા. તુલાધાર તો સાવ નાની દુકાનનો સામાન્ય વેપારી હતો. દેખાવ પરથી કોઈ સંત કે મહાત્મા દેખાતો ન હતો. જયારે વેપારી તુલાધારે જાજલિને પ્રણામ કર્યા, આવકાર્યો અને આકાશવાણીની વાત કરી. ત્યારે જાજલિએ પૂછ્યું, 'આવું બધું તને કોણે કહ્યું ?' તુલાધારે વિનમ્રતાથી કહ્યું, 'મહારાજ, આ બધી પ્રભુની કૃપા છે. હું તો મારા કર્તવ્યનું પાલન કરું છું. હું મારા ધંધામાં સચ્ચાઈને પ્રાધાન્ય આપું છું. ભાવમાં કે તોલમાપમાં કોઈનો ઠગતો નથી. ગ્રાહકની સેવા એ જ મારું કર્તવ્ય છે. રાગદ્વેષ, લોભમોહથી દૂર રહું છું. યથાશક્તિ દાન કરું છું. દુઃખીને મદદ કરી સંતોષથી જીવું છું. અને કામ કરતાં કરતાં પ્રભુનું નામ લઉં છું. વધુ પૂજા, તપ મને નથી આવડતા.' જાજલિ સમજી ગયા કે શા માટે તુલાધાર મહાન છે. ધાર્મિક છે! પોતાના દરેક કર્તવ્યનું પાલન જ સાચો ધર્મ છે.

# ન્યાયમાં તાત્કાલિકતા ના ચાલે - પણ વિલંબ પણ ના થવો ઘટે

**તંત્રીસ્થાનેથી...**

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયામૂર્તિ જસ્ટિસ બોબડેએ રાજસ્થાન હાઈકોર્ટની નવી ઈમારતના લોકાર્પણ પ્રસંગે 'તેલંગાણા-છાપ' ન્યાયની ટીકા કરી છે. ન્યાય આટલી હદે ત્વરિત ન જ હોવો જોઈએ, એવું દુનિયાના તમામ શાણા લોકો સ્વીકારશે, પરંતુ સાથે જ આવી જઘન્ય ઘટના વારંવાર ન બને એ માટે તેલંગાણા બ્રાન્ડ ન્યાયને બિરદાવનારા પણ મળી રહેશે. જન સાધારણને તો આવો ન્યાય જ સાચો ન્યાય લાગે, કારણ કે જે ક્રૂરતાપૂર્વક એક નિર્દોષ યુવતીને ફસાવીને સામૂહિક દુષ્કર્મ આચર્યા પછી પેટ્રોલ છાંટીને ફૂટી બાળવામાં આવી હતી એની પીડા અને ચીસો વિલંબિત ન્યાયને ન્યાય માનવા સંમત નહીં જ થાય. આવી જ ઘટના દિલ્હીમાં બની હતી અને દેશ આખો રસ્તા પર ઊતરી આવ્યો હતો. ત્યારે એમ જ લાગેલું કે ગુનેગારોને તાબડતોબ ફાંસીએ ચડાવી દેવામાં આવશે. સરકારે સક્રિયતા દાખવી હતી; ફાસ્ટ ટ્રેક કોર્ટે વેળાસર ચુકાદો પણ આપી દીધો હતો. ધાકમાં ને ધાકમાં એક આરોપીએ તો જેલમાં જ આત્મહત્યા કરી દઈ પોતાના ગુનાની પોતાને સજા પણ આપી દીધી હતી - પરંતુ ખરો ગુનેગાર જેણે - એ 'નિર્ભયા' જેવા રૂપકડા નામે ઓળખાવતી યુવતીની સાથે બે વાર બળાત્કાર કરી એના ગુપ્તાંગમાં લોખંડનો સળિયો ખોસી દીધો હતો, એ તો એની કાચી ઉંમરના કારણે છૂટી પણ ગયો ! બાકીના હજી જેલમાં છે - એમની દયાની અરજી રાષ્ટ્રપતિ પાસે પેન્ડિંગ છે. ઉન્નાવ ખાતે બનેલ સામૂહિક રેપકાંડનો અંજામ જોયા પછી તો દેશમાં દુષ્કર્મ પૂરતો પણ ઈસ્લામિક કાયદો દાખલ કરવાની જરૂર છે એવો બહુજન અભિપ્રાય પ્રવર્તે છે. પરંતુ જસ્ટિસ બોબડે સાહેબને તો ન્યાયપાલિકાની ગરિમા બચાવવાની ચિંતા છે. અલબત્ત, એ ચિંતા વાજબી પણ છે.

એમણે યોગ્ય જ કહ્યું છે કે બદલાના ઈરાદાથી ન્યાય થઈ શકે નહીં. બદલાની ભાવનાથી કરાયેલો ન્યાય તેનું ચરિત્ર ગુમાવી બેસે છે. આ બધા આદર્શો સામે કોઈ પ્રતિવાદી હોઈ જ ન શખે, અને એ સાથે જ એમણે પોતે પણ કબૂલ્યું છે કે દુષ્કર્મ જેવી ઘટનામાં ન્યાય આપવામાં બે મહિનાથી વધુ વખત ન જ લાગવો જોઈએ. પરંતુ એ બે મહિના જો નીચલી કોર્ટ જ ખાઈ જાય અને પાછળની 'જીવવાના અધિકાર' વાળી કલમ હેઠળની ઉપરી કોર્ટોની અપીલો મહિનાઓ અને વર્ષો સુધી ચાલતી રહે તો એનો કોઈ મતલબ રહેશે ખરો ? જયા બચ્ચન જેવાં પીઢ સાંસદ - અભિનેત્રી જયારે આવા ગુનેગારોને ટોળાને હવાલે કરી દેવાની વાત કરતાં હોય ત્યારે એમની વિરુદ્ધ ન્યાયિક અદાલતોમાં અરજી કરવાની ન હોય. દેશની તમામ જયાઓ અને જાયાઓ (માતાઓ)ની દૂંટીની વાત જયા બચ્ચનની જીભેથી ઉચ્ચારાઈ છે, એટલી સમજણ આપણા ન્યાયવિદોને કયારે સમજાશે ? ઉન્નાવ ઘટના પાછળ મગરના આંસુ સારનારા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીથી લઈ પ્રિયંકા ગાંધી સુધીની વ્યક્તિઓએ સમજી લેવું જોઈએ કે સ્ત્રી ઉપરનો આવો જઘન્ય અપરાધ એ રાજકીય રોટલા શેકવા માટેની તવી નથી.

# રાજય સરકારની નોકરીમાં ભરતી અને સેવાની શરતો બંધારણની કલમ ૩૦૯ મુજબની જોગાઈઓ



**કાયદો અને કાનૂન**
**અશ્વિન ત્રિવેદી**

જાહેર સેવાઓમાં નિમણુંકો કરવા માટે ભરતીના તેમ નિમણુંક પામેલાઓની નોકરીની શરતોનું નિયમન કરવાની સત્તા વિધાન મંડળને બંધારણનીકલમ ૩૦૯ મુજબ આપવામાં આવી છે. જે ભરતી પ્રક્રિયા કેન્દ્ર અને રાજય સરકારના કામકાજ માટે સબંધ ધરાવતી હોવી જોઈએ.

વિધાન મંડળ નોકરીની ભરતીમાં જે શરતો અનુસાર નિયમો ઘડે તે સંવિધાનની જોગવાઈઓ સાથે સુસંગત હોવા જરૂરી છે. ભારતીય સંઘ વિરુધ્ધ તુલસીરાવના કેસના ચુકાદામાં એમ ઠરાવ્યું છે કે જયાં સુધી વિધાન મંડળ કેન્દ્ર અને રાજયના કામકાજના સબંધમાં કર્મચારીઓની ભરતી કરવા માટેના નિયમો કે નિમણુંક પામેલા કર્મચારીની નોકરી વિષયકની શરતોને નિર્ધારીત ન કરે ત્યાં સુધી કેન્દ્રીય કર્મચારીઓના કેસમાં રાષ્ટ્રપતિ કે તેઓ જેને સત્તા આપે તે તે અધિકારી અને રાજયના કિસ્સામાં રાજયપાલ કે તે જેને સત્તા આપે તે અધિકારી આ બાબતમાં નિયમો ઘડી શકે છે અને આ ઘડેલા નિયમો અમલમાં રહે છે.

એમ.ટી. બેવીન કટ્ટી વિરુધ્ધ કર્ણાટક જાહેર સેવા આયોગના કેસમાં અદાલતે ઠરાવ્યું હતું કે ભરતી માટે પ્રસીધ્ધ કરવામાં આવતી જાહેરાતના અનુસંધાનમાં અરજી કરનારને તે જગ્યા ઉપર નિમણુંકનો કોઈ સ્થાપિત હક્ક પ્રાપ્ત થતો નથી તેને માત્ર જાહેરાતની શરતો અનુસાર તેની અરજી પસંદગી માટે ધ્યાનમાં લેવાય તેટલો જ હક્ક છે પસંદગી માટે ઉમેદવારની પાત્રતા તે સબંધીત જગ્યાની ભરતી નિયમોની જોગવાઈમાં અનુસારની લાયકાત ધરાવે છે કેમ તેના ઉપર નિર્ભય રહે છે.

આર્ટીકલ ૩૦૯ થી કેન્દ્ર અને રાજયના કામકાજ સબંધમાં કર્મચારીઓની ભરતીના નિયમો ઘડવાની સત્તા વિધાન મંડળની છે પરંતુ વિધાન મંડળ આ નિયમોના ઘડે ત્યાં સુધી રાષ્ટ્રપતિ કે યથા પ્રસંગ રાજયપાલ દ્વારા ઘડવામાં આવેલા નિયમો અમલમાં રહે છે.

ભરતીના નિયમોમાં ભરતી કરવાની પધ્ધતિ એટલે કે સીધી ભરતી, વિદ્યમાન કર્મચારીને બઢતી આપીને ભરતી કે બદલી દ્વારા ભરતી કરવાનું સરકારી નીતિ વિષયક સત્તાની બાબત છે અલબત આર્ટીકલ ૨૩૩ મુજબ અદાલતના ન્યાયાધિશોની નિમણુંકની જોગવાઈઓ કે જે જગ્યા માટે સંવિધાનમાં સ્પષ્ટ જોગવાઈ કરી હોય તે સીવાય ભરતીની પધ્ધતિ સરકારની નીતિ વિષયક બાબત છે.

પરીક્ષ દ્વારા ઉમેદવારોની કસોટી લઈને તૈયાર કરવામાં આવેલી પસંદગી યાદીમાં અદાલત હસ્તક્ષેપ કરતી નથી સીવાય કે આ પસંદગી યાદી તૈયાર કરવામાં મહત્વની ગેરરીતી કે દુષીત ઈરાદો જણાયો હોય. દલપત વિરૂધ્ધ મહાજન અને જશવંત વિરૂધ્ધ પંજાબ રાજય તેમજ બિશ્વાસ વિરૂધ્ધ સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યુ હતુ કે લેખીત કસોટીની ગુણવત્તાને આધારે યાદી તૈયાર કરી ઉમેદવારોને મૈખીક કસોટી માટે બોલાવવાનું નિયમ વિરૂધ્ધ નથી જયારે ભરતીના લેખીત કસોટી અંગે સ્પષ્ટ જોગવાઈ ન હોય ત્યારે માત્ર મૈખીક કસોટીના આધારે પસંદગી કરવાનું ગેરકાયદેસર ગણી શકાય નહિ તેમજ મૈખીક કસોટીની સમય મર્યાદા પણ પડકારી શકાય નહિ તેવું શારદાસિંઘ વિરૂધ્ધ પંજાબ રાજયના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે.

કોઈપણ જગ્યાની શૈક્ષણિક લાયકાત ભરતીના નિયમો મુજબ નિર્ધારીત કરવાની કલમ ૩૦૯ મુજબ વિધાન મંડળને સત્તા છે કોઈપણ જગ્યાની શૈક્ષણિક લાયકાતની બાબતમાં અદાલત હસ્તક્ષેપ કરશે નહિ તેવું રંગાસ્વામી વિરૂધ્ધ આંધ્રપ્રદેશના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે પરંતુ નિર્ધારીત કરેલ લાયકાતો સામે યોગ્ય સત્તાધિકારી સમક્ષ ફેરવિચારણા માટે રજુઆત કરી શકાય છે વિવિધ જગ્યાની શૈક્ષણિક લાયકાતમાં ફેરફાર કરવાની બાબત એ સરકારની જાતિ વિષયક બાબત છે જેની સરકારને સત્તા છે પરંતુ આ પ્રકારનો ફેરફાર પશ્ચાદવર્તી અસરથી કરવામાં આવ્યો ન હોય તો ઉમેદવારની પસંદગી સમયે અમલમાં હોય તે નિયમો મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારના હક્કને અસર થશે નહિ તેવું મહેન્દ્રન વિરૂધ્ધ કર્ણાટક રાજયના કેસમાં સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું છે.

સરકારના કેટલાક વિભાગોમાં કોઈ ખાસ પ્રકારની ઉભી થયેલી કામગીરી માટે કામચલાઉ કાર્ય બોજને પહોંચી વળવા માટે કામચલાઉ (હંગામી) ધોરણે નિમણુંકો આપવામાં આવે છે કામચલાઉ નિમણુંકો કરવાનો સરકારને સંપૂર્ણ હક્ક હોવા છતાં ધારવાડ ડિસ્ટ્રીકટ વિરૂધ્ધ ધી ડબ્લ્યુ ડી લીટફેટ ડેઈલી વેઈજ એટલોઈઝ વિરૂધ્ધ કર્ણાટકના કેસમાં અદાલતે ઠરાવ્યુ હતુ કે રાજય લાંબા સમય માટે કામચલાઉ કે એડહોક ધોરણે નિમણુંક ચાલુ રાખી શકે નહિ અન્યથા કામદારોની સેવા વિનિયમીત કરવી અનિવાર્ય છે.

કોઈપણ સેવામાં ખાલી પડેલ જગ્યાએ ભરતી કરવી કે કેમ તેનો નિર્ણય લેવાનો સરકારને સંપૂર્ણ અધિકાર છે રાજયને ખાલી જગ્યા ભરવાની ફરજ પાડી શકાય નહિ કોઈપણ ઉમેદવારે પસંદગી યાદીમાં નામ હોવા માત્રથી તેને નિમણુંકનો હક્ક મળતો નથી જો ખાલી જગ્યા ભરવામાં આવે તો ભરતી માટેની કસોટીના તુલનાત્મક દેખાવને આધારે પસંદગી કરવાની હોય છે અને તેમાં કોઈ ભેદભાવ થઈ શકે નહિ તેવું સર્વોચ્ચ અદાલતે શંકરન વિરૂધ્ધ ભારતીય સંઘના કેસમાં ઠરાવ્યું છે.

**અનુસંધાન પાના નં ૭ પર**

# સારા વ્યક્તિત્વનું ઘડતર જ ઉત્તમ ઉપાય



**WhatsApp ઓફ ધી વીક**
**નેહલ ગઢવી**

***કહ્યું કોણે, વિપદના વીતી ગયા, યારો !***
***હજી પણ પુષ્પ - શા ચહેરા ઉપર અંકિત છે ચિંતાઓ***
***હજી પણ વેદનાઓની જલે ચોમેર જ્વાલાઓ***
***છવાઈ છે ઉદાસીની ઘટાઓ જિંદગી ઉપર***
***અને દરરોજ નીકળે છે તમન્નાના જનાઝાઓ...***
***ગુલામીઓની જવાનીનું હજી લિલામ થાએ છે***
***અને મગરૂર થૈ મ્હાલે છે રંગો લૂટનારાઓ...***

***- દીપક બારડોલીકર***

બળાત્કારના કિસ્સાઓ જયારે પણ સમાજમાં સર્જાયા છે ત્યારે એ લેખકો અને પ્રિન્ટ મીડિયા માટે ક્રિએટીવ રાઈટીંગ ની સ્પર્ધા સમાન હોય છે અથવા તો ન્યૂઝ અને ટીવી ચેનલવાળા માટે ૩-૪ દિવસની ચર્ચાનું કેન્દ્ર ! થોડા દિવસો કે કયારેક એકાદ-બે મહિના પણ ત્યારબાદ આખીયે ઘટના ભૂલી જવાય છે અને જયારે ફરી કંઈક આ પ્રકારનું બને ત્યાં સુધી આ અંગેની જાગૃતિ પાછી શૂન્ય થઈ જાય છે ! કચ્છમાં જયારે ૨૬મી જાન્યુઆરીએ ગોઝારો ભૂકંપ આવ્યો અને પળવારમાં બધું ધ્વસ્ત થઈ ગયું ત્યારે વર્ષો સુધી આ અંગે ચર્ચાઓ થઈ, ફરી આ પ્રકારની કુદરતી આફત આવી ચડે તો એની સામે ટકવા અને બચવા શું કરવું એ અંગેની તમામ તકેદારી લોકો દ્વારા, સમાજ દ્વારા, તંત્ર દ્વારા એમ સૌએ સાથે મળીને લીધી. પણ બળાત્કાર જેવી ગોઝારી દુર્ઘટના અંગે આજે પણ આપણે એટલા એલર્ટ કેમ નથી? આવા પ્રકારની ધૃણાસ્પદ બાબતને નાબૂદ કરવા અંગેની કોઈ ઠોસ કાર્યવાહી શા માટે હજુ સુધી નથી થઈ શકી ? આવા પ્રકારની ઘટના બને જ શા માટે એના મૂળમાં કે એના પાયામાં કઈ બાબતો રહેલી છે એ અંગે આપણે કેમ ઉદાસીન છીએ?


આપણા સમાજમાં પ્રવર્તતી આર્થિક અને સામાજિક અસામાનતાના કારણે મધ્યમવર્ગ, અમીર વર્ગ કે અતિ ધનાઢ્ય પરિવારના લોકોને આજે પણ સમાજના ગરીબીરેખા હેઠળ જીવી રહેલા શ્રમજીવી પરિવારનોના જીવન અંગે કોઈ ખાસ માહિતી નથી. સ્ત્રી સશક્તિકરણ અને નારીને પુરુષ સમોવડી ગણવાના આ યુગમાં સમાજના એ નીચલા વર્ગોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ આજે પણ અત્યંત દયનીય છે. સામાજિક અસમાનતાના કારણે આ નીચલા વર્ગના પુરુષો એક ખોટા દંભ અને આડંબરમાં આજે પણ પોતાના પુરુષ હોવા પર ગર્વ લઈ સ્ત્રીઓનું શોષણ અને દમન કરતા અચકાતા નથી. અને આવા માહોલમાં ઉછરી રહેલા બાળકોની માનસિક સ્થિતિ પણ કયારેક વિકૃત બની જતી હોય છે. હતાશા અને નિરાશાનો ભોગ બનેલા આવા પુરુષો પોતાની વિકૃત માનસિક અવસ્થાનો ભોગ માસૂમ સ્ત્રીઓને બનાવે છે. આપણે ત્યાં દીકરીને કંઈ ને આવડે કે દીકરી કંઈક ભૂલ કરે તો આજે પણ તરત 'તારા મા-બાપે શું શીખવ્યું?' એવા વાક્બાણ છૂટા વાગતા હોય છે પણ જયારે પુરુષ કંઈક ખરાબ કરે ત્યારે એના માબાપે કે એના ઉછેર પર કોઈ આંગળી નથી ચીંધતા.

અન્ય એક જવાબદાર કારણ છે બેરોજગારી. ખાલી મગજમાં એન નવરા બેઠેલા પુરુષોના મનમાં મોબાઈલ અને ઈન્ટરનેટ પરની વિવિધ પ્રકારની ઉત્તેજિત કરનારા દૃશ્યો જોઈને પુરુષ કામાંધ બની બેસે છે. આવા પુરુષો પોતાના ઘરની સ્ત્રીઓને માર મારીને ચૂપ કરાવી દેતા હોય છે અને એ રીતે તેમનાં પોતાનું પૌરુષ સાબિત કરવાની જાણે એક હરિફાઈ જામતી હોય છે. અને પરિણામે, સમાજની નિર્દોષ, લાચાર, અસહાય સ્ત્રીઓ આ નરાધમ રાક્ષસોનો ભોગ બનતી હોય છે. સ્ત્રી પોતે સશક્ત હોય, સ્માર્ટ હોય કે ખૂબ ઈન્ટેલિજન્ટ હોય છતાં અચાનક તેની સામે ત્રણ-ચાર પુરુષો ધસી આવે ત્યારે અસહાય બની બેસે એ અત્યંત સાહજિક બાબત છે માટે સ્ત્રી આવી પરિસ્થિતિમાં આવી ન ચડે એ જ એનો એકમાત્ર ઉપાય જણાય છે.

આપણા દેશમાં માનસિક વિકૃતિ કે માનસિક રોગોને ગંભીરતાથી લેવામાં આવતા જ નથી. સમાજમાં મનોચિકિત્સકના ત્યાં જવું પડે એવી સમજ આજે પણ અમુક ટકા લોકોમાં જ કેળવાઈ છે. એમાં નીચલા વર્ગોના લોકોમાં જયાં યોગ્ય અને પૂરતો ખોરાક મેળવવો પણ જયારે અશક્ય છે ત્યાં આ પ્રકારના માનસિક રોગો અંગેની સમજ કેળવવી અને તેની સારવાર અંગેની જાગૃતિ લાવવાનું કામ ખાસ્સું અઘરું છે. સારો ખોરાક, સારું ભણતર, સારું અને સાત્ત્વિક વાંચન તેમજ સકારાત્મક માહોલમાં ઉછેર આ તમામ બાબતો હોય ત્યારે જ એક સારા વ્યક્તિનું ઘડતર થઈ શકે પરંતુ શું આ તમામ બાબતો બધાને જ મળી શકે ખરી ? જયાં સુધી આપણે આ બધી નાની-નાની બેસિક બાબતો અંગે જાગૃત નહીં બનીએ ત્યાં સુધી સમાજમાં આ પ્રકારના દુષ્કર્મો બન્યા જ કરશે ! માટે આવો સૌ સાથે મળીને એક સારા અને સકારાત્મક અભિગમ ધરાવતા સમાજનું નિર્માણ કરીએ.

- nehalgadhavi101@gmail.com

# ગુજરાત પર ઝળુંબતો આતંકવાદવિરોધી કાયદાનો આતંક



**અતિતની આજ**
**ડૉ. હરિ દેસાઈ**

રાજહઠનું વરવું ઉદાહરણ એટલે હમણાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિદ થકી મત્તું મારીને ગુજરાત સરકારને અમલ માટે પાઠવેલું ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ બિલ, ૨૦૧૫. મૂળ ૨૦૦૩માં અમલી બનાવવા ધારેલા આ વિધેયકના નવસ્વરૂપને સોળ વર્ષના સમયગાળા પછી નવેમ્બર ૨૦૧૯ના અંતમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મંજૂરી મળતાં હવે રાજ્ય સરકાર અને ગુજરાતની વડી અદાલત એના અમલના નિયમો ઘડીને ખાસ અદાલત સ્થાપશે. એ પછી જ બંધારણના આત્માને કચડવા સમાન કેટલીક જોગવાઈઓ ધરાવતા આ કાયદાનો અમલ થશે. જોકે હજુ વિપક્ષી કોંગ્રેસ એના અમલ સામે વિરોધ કરવા અંગે કુંભકર્ણની નીંદરમાં છે; પરંતુ સિવિલ સોસાયટી અને કેટલાક બંધારણવિદોએ પ્રજાને જગાડવાનું આદર્યું હોવાથી મામલો અદાલતી સમીક્ષા માટે જાય તો અમલ વિલંબમાં પડવાની શક્યતા ખરી. વર્ષ ૨૦૦૩માં નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે એમણે રાજ્ય વિધાનસભામાં મંજૂર કરાવેલા આવા વિધેયકને રાષ્ટ્રપતિની મંજૂરી માટે કેન્દ્ર સરકારને પાઠવ્યું તો ખરું, પણ ૨૦૦૪માં લોકસભાની ચૂંટણીમાં પરાજયને પગલે ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીના વડપણવાળી રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની સરકાર ઘર ભેગી થઈ. કોંગ્રેસના નેતા ડૉ.મનમોહન સિંહના વડપણવાળી સંયુક્ત પ્રગતિશીલ સંગઠન (યુપીએ)ની સરકાર સત્તારૂઢ થઈ. ડૉ.સિંહની સરકાર દસ વર્ષ રહી. મોદી સરકારે રાષ્ટ્રપતિની મંજૂરી માટે પાઠવેલા વિધેયકને "ગેરબંધારણીય જોગવાઈઓ" ધરાવતું લેખાવીને ત્રણ-ત્રણ રાષ્ટ્રપતિએ પાછું પાઠવ્યું. મહારાષ્ટ્રની શિવસેના-ભાજપની નારાયણ રાણે સરકારે ૧૯૯૯માં સત્તા ગુમાવી એ પૂર્વે વિધાનસભા અને વિધાન પરિષદમાં મંજૂર કરાવીને કેન્દ્રમાં એ વેળાની ભાજપના નેતા અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી સરકારને રાષ્ટ્રપતિની મંજૂરી માટે પાઠવેલા મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ વિધેયક, ૧૯૯૯ને તત્કાળ રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ હતી, પણ એ પછી રાજ્યમાં લગાતાર ૧૫ વર્ષ સુધી કોંગ્રેસ-રાષ્ટ્રવાદી કોંગ્રેસની સરકાર રહી. કેન્દ્રમાં પણ દસ વર્ષ સુધી ડૉ.સિંહની સરકાર હતી. મે ૨૦૧૪માં ભાજપના વડપણવાળા એનડીએની નરેન્દ્ર મોદી સરકાર આરૂઢ થતાં ફરી ગુજરાતના પેલા કાયદાને અમલી બનાવવા માટે આશા જાગી. વર્ષ ૨૦૧૫માં જરૂરી સુધારા સાથે ફરીને ધારાસભામાં એ વિધેયકને મંજૂર કરાવાયું. આ વિધેયકને કેન્દ્રના ગૃહ અને કાયદા મંત્રાલયના અનુકૂળ પ્રતિસાદને પગલે રાષ્ટ્રપતિએ પણ મંજૂરી આપી છે. જોકે હજુ નિયમો ઘડાય એ પછી જ એનું અમલીકરણ શક્ય બનશે.

**આતંકવાદ નાથવા કાનૂન**

આતંકવાદને નાથવા માટે અને સંગઠિત ગુનાઓને રોકવા કે એમાં સામેલ શખ્સોને દંડિત કરવા માટે છેક ગૃહ મંત્રી સરદાર પટેલના વખતથી પ્રિવેન્ટિવ ડિટેન્શન જેવી કાનૂની જોગવાઈઓ કરવા ઉપરાંત વિવિધ ખાસ કાયદા પણ બનાવવામાં આવ્યા હતા. આવા કાયદાઓનો શાસકોએ ઘણીવાર દુરૂપયોગ કર્યાના પ્રસંગો પણ સમયાંતરે આવતા રહ્યા છે.ઈન્દિરા ગાંધીના યુગમાં તો પ્રિવેન્ટિવ ડિટેન્શનનો ખૂબ દુરૂપયોગ પોતાના રાજકીય વિરોધીઓને કનડવા માટે પણ કરાયો હતો.આવા કાયદા બેધારી તલવાર જેવા છે.વડાપ્રધાન રાજીવ ગાંધીના સમયગાળામાં ટેરરિસ્ટ એન્ડ ડિસરપ્ટિવ (એક્ટિવિટીઝ) એક્ટ,૧૯૮૫ સંસદમાં વિધેયક મંજૂર કરાવીને રાષ્ટ્રપતિની સંમતિથી અમલી બનાવ્યો હતો.આ કાયદાનો પણ આતંકવાદને નામે રાજકીય વિરોધીઓ અને અન્યોને આતંકિત કરવા માટે દુરૂપયોગ થયો હતો. એની જોગવાઈઓ પણ અમાનવીય હતી. જેમકે, એ કાયદા હેઠળ પકડવામાં આવેલી વ્યક્તિને એકાદ વર્ષ સુધી અટકાયતમાં રાખી શકાય,પોલીસ અધિક્ષક કક્ષાની વ્યક્તિ સમક્ષ અપાયેલી કબૂલાત કે જુબાનીને અદાલત દ્વારા માન્ય રાખવામાં આવે ઉપરાંત પકડાયેલી વ્યક્તિને ૬૦ દિવસ સુધી પોલીસ કસ્ટડીમાં રાખીને પરેશાન કરી શકાય. આ કાયદામાં પકડાયેલી વ્યક્તિ માત્ર સુપ્રીમ કોર્ટમાં જ અપીલ કરી શકે.વર્ષ ૧૯૯૫ સુધી એ અમલમાં રહ્યો,પણ એ કાયદા હેઠળ પકડાયેલા લોકોમાંથી ૨૫ ટકાના ખટલા પડતા મૂકાયા હતા, ૩૫ ટકા ખટલા ચાલ્યા તો ખરા,પણ તેમાંના માત્ર ૨ ટકા જ કસૂરવાર સાબિત થયા હતા. એનો અર્થ એ થયો કે મોટાભાગના લોકો છૂટી ગયા હતા. ટાડાના સ્થાને ૨૦૦૨-૨૦૦૪ દરમિયાન પ્રિવેન્શન ઓફ ટેરરિસ્ટ એક્ટિવિટીઝ એક્ટ આવ્યો.એ માટેનું વિધેયક રાજ્યસભામાં નામંજૂર થતાં વડાપ્રધાન વાજપેયીએ લોકસભા અને રાજ્યસભાનું સંયુક્ત સત્ર બોલાવીને એનું વિધેયક મંજૂર કરાવવું પડ્યું હતું.વાજપેયીએ દિલ્હીમાં મકોકા અમલી બનાવ્યો અને એકાદ ધારાસભ્ય સામે પણ એને લાગુ કરાયો હતો. પોટા, ૨૦૦૨ હેઠળ તમિળ ટાયગર્સ ઈલમ (દેશ)ને ટેકો આપવા બદલ વાઈકોની ધરપકડ કરાઈ હતી. મુખ્યમંત્રી માયાવતીએ ઉત્તરપ્રદેશના બાહુબલી ધારાસભ્ય રાજાભૈયા સામે પણ આ કાયદો લગાડ્યો હતો. કાશ્મીરના ભાગલાવાદી હુર્રિયતના નેતા સૈયદ અલી ગિલાનીને પણ આ જ કાયદા હેઠળ પકડવામાં આવ્યા હતા.ઉત્તર પ્રદેશ અને હરિયાણામાં અનુક્રમે યોગી આદિત્યનાથ અને મનોહરલાલ ખટ્ટરનું ભાજપી શાસન આવતાં જ ડિસેમ્બર ૨૦૧૭ અને ૨૦૧૫થી મહારાષ્ટ્રના મકોકા કાયદાની કાર્બનકોપી જેવા કાયદા ઘડવામાં આવ્યા છે.

- ***મોદી સરકારે મહારાષ્ટ્રની શિવસેના-ભાજપની સરકારના મકોકા જેવા વિધેયકને ૨૦૦૩માં મંજૂર કરાવ્યું હતું***
- ***રાષ્ટ્રપતિ ડો. કલામ, પ્રતિભાતાઈ અને પ્રણવદાએ ગેરબંધારણીય જોગવાઈઓ હોવાથી મંજૂરી આપી નહોતી***
- ***૧૬ વર્ષ પછી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મંજૂરીથી ખતરનાક જોગવાઈઓવાળા કાયદાને લીલી ઝંડી મળી***
- ***મહારાષ્ટ્રમાં ૧૯૯૯માં અમલી બનેલા મકોકા જેવા કાયદા દિલ્હી, ઉ.પ્ર. અને હરિયાણામાં પણ લાગુ કરાયા***

**નવા કાયદાની જોગવાઈઓ**

ગુજરાતમાં નવો જે કાયદો અમલમાં આવી રહ્યો છે એની ગંભીરતા સમજાવવા માટે બંધારણ નિષ્ણાત કૃષ્ણકાંત વખારિયાએ હમણાં નર્મદ-મેઘાણી લાઈબ્રેરીમાં સિવિલ સોસાયટી સમક્ષ સમજણ આપતા વ્યાખ્યાનમાં ગુરુવાર, ૫ ડિસેમ્બરે કરતાં કહ્યું હતું કે સત્તાધીશો પાસે પોતાના રાજકીય વિરોધીઓ સામે સત્તાના બેફામ દુરૂપયોગની શક્યતાવાળો નવો કાયદો આવે છે. હકીકતમાં તો કોંગ્રેસે પ્રજાને જગાડવાની જરૂર છે,પરંતુ એ પોતાની ભૂમિકા વિસારે પાડે છે ત્યારે સિવિલ સોસાયટી આ કામ કરે એ અભિનંદનને પાત્ર છે. કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહના ધારાશાસ્ત્રી રહેલા વખારિયાનું કહેવું હતું કે આતંકવાદને નાથવાને નામે જે કાયદાઓ અગાઉ અમલી બન્યા છે એ બધા લઘુમતી કોમ માટે કનડગત કરનારા જ રહ્યા છે. નવો કાયદો અમલમાં આવે ત્યારે એ અગાઉના કાયદાઓ કરતાં પણ વધુ સખત છે એવું અનુભવાયા વગર નહીં રહે. રાજ્ય સરકાર અને વડી અદાલત જરૂરી નિયમો બનાવે એ પછી જ કાયદાનો અમલ થઈ શકાશે.જોકે આ કાયદા હેઠળ સત્તાધીશો પોતાના રાજકીય વિરોધીઓ પર જુલમ કરે એવી પૂરી શક્યતા છે.આગોતરા જામીન આપવાની એમાં કોઈ જોગવાઈ જ નથી.સૌથી ખતરનાક જોગવાઈ તો એ છે કે આ કાયદા હેઠળ પકડાયેલી વ્યક્તિને શિરે પોતાની નિર્દોષતા સાબિત કરવાનો બોજ રહે છે.વળી, સંદેશા પકડાયા હોય કે સાક્ષી આપનારા માણસોનાં નામ કે ઓળખ આપ્યા વિના જ એમની સાક્ષીને ધ્યાને લેવામાં આવશે. પોલીસ અધિકારી સામે આપેલું નિવેદન અદાલત પુરાવા તરીકે ગ્રાહ્ય રાખી શકશે.ચાર્જશીટ દાખલ કરવાનો સમયગાળો પણ ૯૦ દિવસને બદલે ૧૨૦ દિવસનો રાખવાની જોગવાઈ છે.પ્રિવેન્ટિવ ડિટેન્શન માટેનો ગાળો છ મહિનાને બદલ વધારીને બે વર્ષનો કરાયો છે. છેલ્લાં ૧૬ વર્ષથી ભાજપના મુખ્યમંત્રી અને હવેના વડાપ્રધાન મોદી આ કાયદાનો ગુજરાતમાં અમલ કરવા ઈચ્છતા હતા,પણ રાષ્ટ્રપતિની સંમતિ મળ્યા પછી હજુ આ કાયદાનો ક્યારથી અમલ થશે એની શક્યતા દર્શાવાતી નથી.

**ભાજપની થિંકટેંકનું ચિંતન**

ભાજપની થિંકટેંક ગણાતા વિવેકાનંદ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન (વીઆઈએફ) થકી કેન્દ્ર અને રાજ્યોની ભાજપ તથા મિત્ર પક્ષોની સરકારોને સલાહસૂચન કરવા અથવા તો માર્ગ ચીંધવાનું કામ કરાય છે. ત્રાસવાદ વિરોધી કાયદાઓ કરવા અંગે પણ પુણે યુનિવર્સિટીના સંરક્ષણ અને વ્યૂહાત્મક અધ્યયન વિભાગમાં ભણેલા નિષ્ણાત રામાનંદ ગર્ગનો મોનોગ્રામ બહાર પાડવામાં આવ્યો છે. આ પુસ્તિકામાં ભારતીય ત્રાસવાદ વિરોધી કાયદાઓની છણાવટ કરવાની સાથે જ કેટલાક લોકશાહી દેશોમાં ત્રાસવાદને નાથવા માટે ભારત કરતાં પણ વધુ કડક કાયદા કરાયા હોવાનું પણ નોંધ્યું છે. સાક્ષી-પુરાવા બાબત સરકારને મોકળાશ આપવા ઉપરાંત સરકાર સામે ખટલા દાખલ કરવામાંથી મુક્તિની જોગવાઈ પણ નવા અમલમાં આવનાર કાયદામાં જોગવાઈ છે. રાજ્યભરમાં કાયદાના જાણકારો અને બુદ્ધિજીવીઓએ નવા અમલમાં આવનાર કાયદા વિશે સવેળા જનજાગરણ કરવાની જરૂર છે. અન્યથા સ્થિતિ એવી થશે કે અબ પછતાએ હોત ક્યા જબ ચીડિયા ચુગ ગઈ ખેત.

- haridesai@gmail.com